# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૭/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા સૂચવાયેલા ક્રાઇટેરીયાનો PM MITRA સ્કીમની ગાઇડલાઇનમાં સમાવેશથી સુરતને PM MITRA પાર્ક મળવાની સંભાવના : ચેમ્બર

## PM MITRA પાર્ક આવવાથી સ્ટેટ ઓફ ધ આર્ટ, મશીનરી તથા મોટા પ્રમાણમાં વિદેશી રોકાણ સુરતને મળી શકશે : ચેમ્બર પ્રમુખ આશીષ ગુજરાતી

**ચેમ્બર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા દેશના કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ટેકસટાઇલ્સ, કન્ઝયુમર અફેર્સ અને ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશનના કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલ તથા દેશના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશનો આભાર વ્યકત કરાયો**

**સુરત.** કેન્દ્ર સરકારની મેગા ઇન્વેસ્ટમેન્ટ ટેકસટાઇલ્સ રિજીયન એન્ડ એપેરલ પાર્ક (PM MITRA)ની યોજનાને કેબિનેટ દ્વારા મંજૂરી મળી છે, જેને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આવકારવામાં આવે છે. ભારત સરકારના કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ટેકસટાઇલ્સ, કન્ઝયુમર અફેર્સ અને ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન મંત્રી પીયુષ ગોયલ સુરત આવ્યા હતા ત્યારે ચેમ્બર દ્વારા તેઓને ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. ચેમ્બર દ્વારા પીયુષ ગોયલને જણાવવામાં આવ્યું હતું કે, આટલા મોટા પાયા ઉપર જ્યારે ટેકસટાઇલ પાર્ક સ્થપાતો હોય તો તેના માટે જરૂરી છે કે જ્યાં આ પાર્ક સ્થપાય તેની આજુબાજુમાં એની ઇકો સિસ્ટમ સ્થપાયેલી હોવી જોઇએ. તો જ એ વિસ્તારમાં નવું રોકાણ આવી શકે.

દક્ષિણ ગુજરાત છેલ્લાં ૬૦ વર્ષથી ભારતના એમ.એમ.એફ. ટેકસટાઇલ ક્ષેત્રે સંપૂર્ણ વેલ્યુ ચેઇન ધરાવે છે. આ બાબતને ધ્યાને લઇએ તો મેગા ઇન્વેસ્ટમેન્ટ ટેકસટાઇલ્સ રિજીયન એન્ડ એપેરલ પાર્ક (PM MITRA) સુરત તથા તેના ફરતેના વિસ્તારમાં સ્થપાઇ શકે છે. આ સ્કીમની ગાઇડલાઇન પ્રમાણે રાજ્ય સરકારને પાર્ક માટે જમીનની ફાળવણી કરવાની રહેશે. જ્યારે કેન્દ્ર સરકાર ગ્રીન ફિલ્ડ અને બ્રાઉન ફિલ્ડ માટે અનુક્રમે રૂપિયા ૫૦૦ કરોડ અને રૂપિયા ૨૦૦ કરોડ ફાળવશે. આ ઉપરાંત પ્રાઇવેટ ડેવલપર્સ બાકીનું રોકાણ લાવીને પાર્કને મેનેજ કરશે અને કન્સેશન પિરિયડ સુધીમાં જાળવણી ખર્ચની ઉઘરાણી કરશે. જેમાં રાજ્ય સરકારનો પણ હિસ્સો રહેશે.

કેન્દ્ર સરકાર દ્વારા એક પાર્કમાં રૂપિયા ૧૭૦૦ કરોડનો અંદાજિત ખર્ચ મુકવામાં આવ્યો છે. આથી સુરતમાં બ્રાઉન ફિલ્ડ પ્રોજેકટ માટેનો સ્કોપ ઓછો હોઇ ગ્રીન ફિલ્ડ પ્રોજેકટ સ્થપાય તે અંગે ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવશે. આ સ્કીમમાં રાજ્ય સરકારે મહત્વની ભૂમિકા ભજવવાની હોવાથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પ્રેઝન્ટેશન કરવાની તૈયારી હાથ ધરાઇ છે. સુરત ફરતેના વિસ્તારો જેવા કે નવસારી, તાપી અથવા ભરૂચ જિલ્લામાં પાર્ક સ્થપાય તે માટે ખૂબ જ ઝડપથી સફળતા મળી શકે છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, મેગા ઇન્વેસ્ટમેન્ટ ટેકસટાઇલ્સ રિજીયન એન્ડ એપેરલ પાર્ક (PM MITRA) સુરત ફરતેના વિસ્તારમાં સ્થપાય તો સુરતના એમ.એમ.એફ. ઉદ્યોગનો જબરજસ્ત વિકાસ થશે તથા સ્ટેટ ઓફ ધ આર્ટ, ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ અને પ્રોસેસિંગ એકમો દક્ષિણ ગુજરાતમાં સ્થપાશે. છેલ્લા ઘણા વખતથી આ ક્ષેત્રમાં વિદેશી રોકાણ માટેની પણ ઘણી ઇન્કવાયરી આવી રહી છે ત્યારે જો આ પાર્ક સુરત ફરતેના વિસ્તારમાં સ્થપાશે તો ઘણા મોટા પ્રમાણમાં ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ આવવાની સંભાવના છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પાર્ક બનાવવાથી દક્ષિણ ગુજરાતના એમ.એમ.એફ. ટેકસટાઇલ ઉદ્યોગ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનશે તથા ગારમેન્ટીગ ક્ષેત્રે હજી સુધી સુરતમાં જે વિકાસ થયો નથી તેને ખૂબ મોટા પાયા ઉપર વેગ મળશે. જો કે, આ સ્કીમની વિગતવાર ગાઇડલાઇન આવવાની બાકી છે અને એ આવ્યા બાદ આગળની વ્યૂહરચના નકકી કરાશે. ચેમ્બર દ્વારા સૂચવાયેલા ક્રાઇટેરીયાનો જાહેર કરેલી સ્કીમની ગાઇડલાઇનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો તે માટે તેમણે મંત્રી પીયુષ ગોયલ તથા દેશના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશનો આભાર વ્યકત કર્યો હતો.